## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




નાના... અમારા અધ્યક્ષ કાંઈ પ્રેમબ્રેમથી નથી ભેટવા ગયા... આ તો છપ્પનની છાતી એવી જ છે કે નહીં તે ચેક કરવા...

# ડેપો સંકુલમાં બે વર્ષે પણ એ.ટી.એમ. મુકાયુ જ નથી

## બેંકોની નિરસતાના લીધે હજુ સુધી એ.ટી.એમ. મુકાયુ ન હોવાનો સુર : મુસાફરોને હાલાકી

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં વર્ષોથી સલામતી વ્યવસ્થાના નામે મીંડુ છે. રોજબરોજ મુસાફરો ખિસ્સા કાતરુઓનો ભોગ બને છે. બસમાં બેસતા મુસાફરો પીક પોકેટીંગનો શિકાર બનતા ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે એસ ટી નિગમ દ્વારા આખરે જગ્યા ફાળવવામાં આવી હતી. પરંતુ જિલ્લા પોલીસ તંત્રની નિરસતાના લીધે હજુ સુધી ડેપોમાં પોલીસ ચોકી પણ શરૂ થઈ શકી નથી. જયારે એસ ટી ડેપોમાં રોજબરોજ આવતા હજારો મુસાફરોને એ ટી એમ ની સુવિધા પણ મળતી નથી. એ ટી એમ માટે જગ્યા ફાળવામાં આવ્યા બાદ પણ હજુ સુધી કોઇ બેંક કક્ષાએથી એ ટી એમ શરૂ કરવાની તૈયારી દર્શાવાઇ નથી.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થતા સમય લાગે તેમ છે. જયારે એસ ટી ડેપોમાં મુસાફલક્ષી સુવિધાઓના નામે પણ મીંડુ છે. લાંબા સમયથી એસ ટી ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા પણ ફાળવી દેવાઇ છે. પરંતુ પોલીસ તંત્રની નિરસતાના લીધે એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ થઈ શકી નથી. પોલીસ પહેરાના અભાવ વચ્ચે રોજબરોજ મુસાફરો તસ્કરીનો ભોગ બને છે. બીજીતરફ મુસાફરો માટે એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે બે વર્ષ અગાઉ એસ ટી ડેપોમાં જગ્યાની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી એ ટી એમ શરૂ થઈ શક્યુ નથી. એ ટી એમ ની જરૂરિયાત મુસાફરોને ડગલે ને પગલે ઉભી થાય છે.જયારે આવા સંજોગોમાં બસ છુટી ન જાય તેવી ચિંતામાં મુસાફરોએ ઘ-૩ સુધી લાંબા થવુ પડે છે. એસ ટી તંત્ર દ્વારા બે વર્ષ અગાઉ એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે સિવિલ કેમ્પસની સામે સ્થિત ડેપોના ગેટ પાસે જગ્યા ફાળવવામાં આવી હતી. આમછતા હજુ સુધી એ ટી એમ સેન્ટર શરૂ થયુ નથી. નોટબંધી બાદ એ ટી એમ સેન્ટરનો ઉપયોગ વિશેષ વધ્યો છે. ત્યારે એસ ટી ડેપો જેવા જાહેર સ્થળ પર એ ટી એમ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવાની અનિવાર્યતા પણ છે.



**ગુજરાત તિજોરી નિયામક કચેરી દ્વારા કોમર્સ કોલેજ, ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

રાજ્ય સરકારની ગુજરાત તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા કોમર્સ કોલેજ સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે તિજોરી નિયામક બી.એમ. ચાવડાના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કોમર્સ કોલેજ ખાતે સીધી ભરતીથી પસંદ થયેલા ૧૪૩ જેટલા વર્ગ-૨ના હિસાબી અધિકારીઓના ચાર માસના તાલીમ કાર્યક્રમ હેઠળ આ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ વેળાએ તાલીમી અધિકારી એન.એન. શાહ તથા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સમર્પણ કેમ્પસ ખાતે શંકરસિંહ બાપુના જન્મ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ અને સમર્પણ લો



કોલેજના સંયુકત ઉપક્રમે આજરોજ સંસ્થાના સ્થાપક અને દીર્ઘ દષ્ટ્રી ધરાવતા રાજકીય આગેવાન શંકરસિંહ વાઘેલાના જન્મદિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓનું હેલ્થ ચેકઅપ અને કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. સંસ્થાના આચાર્ય, અધ્યાપકો, અને વિદ્યાર્થીઓએ શંકરસિંહ બાપુને જન્મદિવસની શુભેચ્છા પાઠવી તેની રીટર્ન ગીફટ સંસ્થાના મેનેજમેન્ટે વિદ્યાર્થીઓના તબીબી પરિક્ષણ દ્વારા આપી. આ કાર્યક્રમમાં સંસ્થાને લાયન્સ કલબ ગાંધીનગરનો સાથ સહકાર સાંપડ્યો હતો. તબીબી પરિક્ષણ કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી સમર્પણ આટર્સ એન્ડ કોમર્સ કોલેજની હેલ્થ કમિટીના સંયોજક પ્રા.શ્વેતા પવારે સંભાળી હતી. સંસ્થાની કલ્ચરલ કમિટી, એનએસએસ યુનિટના સંયોજકો ડો.લલિતા સોલંકી તથા પ્રા.નીતેન્દ્ર પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત સંસ્થાની સ્પોર્ટર્સ કમિટી દ્વારા સંસ્થાના મેદાનમાં વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજાયો હતો. સ્પાર્ટસ કમિટીના સંયોજક મહેન્દ્ર મોડીયા અને અન્ય સદસ્યો પ્રા.જી.જી. ચૌહાણ, તેમજ પ્રા.સુરેન્દ્રસિંહ વાઘેલાએ સફળતાપૂર્વક કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ બંન્ને કાર્યક્રમનું સંયોજન ડો.હેમંત વૈષ્ણવ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત બંન્ને કાર્યક્રમોમાં સંસ્થાવતી ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલાએ ઉપસ્થિત રહી લાયન્સ કલબના હોદેદારો, ઉપસ્થિત ડીરેકટરો તેમજ ત્રણેય કોલેજના આચાર્યો, પ્રા.ડો.દીપક પંડયા, પ્રા.ડો.રીતુ સકસેના, અને પ્રા. અનમોલસિંહજી સોલંકીને સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.



**સે. ૩ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

ગાંધીનગરના સેક્ટર-૩માં સરકારી પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર્સ ઉર્મિલાબેન વર્મા, હિરલબેન જોષી સહિત આ વિસ્તારના વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે વૃક્ષારોપણ માટે શાળાના કર્મચારીગણ તેમજ વિદ્યાર્થીઓએ પણ સહયોગ પુરો પાડ્યો હતો અને આ કાર્યક્રમમાં શાળા સંકુલમાં કુલ ૨૧ વૃક્ષોનું વાવેતર કરાયું છે. સમગ્ર કાર્યક્રમ 'મારૂ સેક્ટર-હરિયાળુ સેક્ટર' થીમ આધારિત યોજવામાં આવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી માણસા ખાતે કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ઉલ્લાસભેર કરવાના આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી એસ.ડી આર્ટસ એન્ડ બી.આર.કોમર્સ એન્ડ એચ.એલ. સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ, માણસા ખાતે કરવામાં આવશે. તેમજ ગાંધીનગર તાલુકા કક્ષાની ઉજવણી ગાંધીનગર શહેરના રામકથા મેદાન, ચ-૩ સર્કલ નજીક કરવામાં આવશે. આ બેઠકમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, બેઠક વ્યવસ્થા અન્ય વ્યવસ્થા અંગે સંબંધિત અધિકારીશ્રીઓને કલેકટરશ્રીએ જરૂરી સૂચના આપી હતી.

જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું રિહર્સલ તા ૧૩મી ઓગષ્ટના રોજ માણસા ખાતે યોજાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયા, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ. જાડેજા, કલોલ પ્રાંત અધિકારી શ્રી હર્ષ યાદવ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ દેસાઇ સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જિલ્લા કોંગ્રેસની કારોબારી સહપ્રભારીની હાજરીમાં યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

લોકસભાની પૂર્વ તૈયારીના ભાગરૂપે સમગ્ર દેશમાં કોંગ્રેસના આગેવાનો કોંગ્રેસના સંગઠનને મજબૂતી પ્રદાન કરવા માટે પ્રવાસ




કરી રહ્યા છે. જેના ભાગરૂપે ગુજરાતના ઝોન પ્રભારી શ્રી રાજીવ સાતવજી તથા પ્રદેશ પ્રમુખ માનનીય શ્રી અમિતભાઈ ચાવડાના નેતૃત્વમાં એ.આઈ.સી.સી. ના મંત્રી તેમજ ગુજરાત કોંગ્રેસના સહ-પ્રભારી શ્રી જીતેન્દ્ર બઘેલજીની વિશેષ ઉપસ્થિતિમાં જીલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ પડે, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરીના અતિથિ પદે આજ રોજ ગાંધીનગર જીલ્લા પંચાયત ખાતે બપોરે ૩:૦૦ કલાકે ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિની વિશેષ કારોબારીની બેઠક યોજાઈ હતી.

વિશેષ કારોબારીની બેઠકમાં ઉપસ્થિત શ્રી જીતેન્દ્ર બઘેલજીએ સંગઠનને મજબૂત કરી આગામી લોકસભાની ચૂંટણી એકજુટ થઈ લડવા માટે આહવાન કર્યું હતું.

તદુપરાંત ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોર, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભીએ પણ પ્રસંગને અનુરૂપ સભાને ઉદબોધન કર્યું હતું. આ કારોબારી સભામાં જનમિત્રોની નિમણુકની કાર્યવાહી પૂર્ણ કરવા, શકિત પ્રોજેક્ટના અમલ માટે, તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિઓની રચના કરવા તથા જીલ્લા પંચાયતની પ્રત્યેક સીટ ઉપર કાર્યકર સંમેલન યોજવા અંગેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોર, જી.પ. પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરી, પ્રદેશ મહામંત્રી શ્રી નીશિતભાઈ વ્યાસ, પ્રદેશ પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ, શ્રીમતી કમીનીબા રઠોડ, બાબુસિંહ ઠાકોર, શ્રી અરવિંદસિંહ સોલંકી, શ્રી એલ.એન. પરમાર તથા નવનિયુક્ત તાલુકા તથા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખો સહીત સમગ્ર જીલ્લામાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આદિવાડા પ્રાથમિક શાળામાં રસીકરણ યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના આદિવાડા ખાતે તા. ૨૦ જુલાઈના રોજ ઓરી-રૂબેલા રસીકરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.



જોકે રસીકરણ બાબતે માધ્યમોમાં ફેલાયેલા વિવાદાસ્પદ સમાચારો તથા અફવાઓના પગલે વાલીઓએ તેમના બાળકોને રસીકરણથી દૂર રાખવા શાળાએ મોકલ્યા નહોતા. આ સમયે સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા શાળાના આચાર્યા જયાબેન ઘેલાવતે સમગ્ર સ્ટાફ સહિત ગામમાં જઈ વાલી મિટીંગો કરી સમજાવટ કરતા શાળાના કુલ ૨૭૨માંથી ૧૪૦ બાળકોનું રસીકરણ શક્ય બન્યું હતું. આ બાળકોને સફળપૂર્વક રસીકરણ કરાયું હતું અને બાળકોને તે પછી કોઈ પ્રકારની આડઅસર થવા પામી નથી.

# શહેરના યુવાનોએ ૫૦ ગરીબ બાળકોને નડાબેટ ખાતે સીમા દર્શન કરાવ્યું

ગાંધીનગરના સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો દ્વારા રાધે રાધે ગૃપના સંયુક્ત ઉપક્રમે આર્થિક રીતે નબળા



વર્ગના બાળકોને બનાસકાંઠાના નડાબેટ ખાતે ભારત-પાકિસ્તાન સીમાદર્શન માટે લઈ જવાયાં હતા. આ પ્રવાસમાં ૫૦ જેટલાં બાળકો જોડાયાં હતા જે સીમા પર જવાનોને મળીને રોમાંચિત થઈ ઉઠ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા રાધે રાધે ગૃપ સાથે મળીને ચરાડાની કે.જી. હાઈસ્કૂલના ૫૦ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને નડાબેટ ખાતે સીમાદર્શન માટે લઈ જવામાં આવ્યાં હતા. આ બાળકોમાં દેશપ્રેમ તથા વીર જવાનો પ્રત્યે સન્માનની ભાવના ખીલે તે હેતુથી આયોજિત કરાયેલ આ યાત્રામાં બાળકોએ નડાબેટ બોર્ડર પર વીર જવાનો સાથે મુલાકાત કરી હતી. આ વિદ્યાર્થીઓએ જવાનોને આભારપત્ર આપતા જવાનો પણ ગદ્‌ગદિત થયાં હતા. બાળકોએ જવાનોનું મ્હો મીઠું કરાવ્યુ હતુ. આ યાત્રા માટેની બસને સર્વ નેતૃત્વ તથા રાધે રાધે ગૃપના યુવાનોએ દેશભક્તિની થીમ આધારિત સજાવી હતી અને બાળકોને રસ્તામાં સવારનો નાસ્તો, બપોરનું ભોજન તથા સાંજનું ભોજન જેવી સેવાઓ પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બંને ગૃપના યુવાનો તન્મય પટેલ, રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, અંકિત પટેલ, રવિ પટેલ, ઉમંગ પટેલ, ભૌમિક પટેલ, જૈમિન પટેલ, અભિષેક દેસાઈ અને અક્ષય સુખડિયાએ જહેમત ઉઠાવી હતી. તથા તેમને ચરાડાના જય વિહત ટ્રાવેલ્સના ટીનાભાઈ ચૌધરી તેમજ ભાવેશભાઈનો સહકાર સાંપડ્યો હતો.

# કલોલ લાયન્સ કલબના નવા પ્રમુખ તરીકે ગોવિંદભાઈ પટેલની વરણી

ગાંધીનગર, તા. ૨૧

કલોલ લાયન્સ કલબના નવા પ્રમુખ તરીકે ગોંવિદભાઈ પટેલની વરણી પાણી પુરવઠા રાજય મંત્રી પરબતભાઈ પટેલની




ઉપસ્થિતિમાં સ્વામિનારાયણ મંદિર, કલોલ ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, લાયન્સ કલબ એ વિશ્વ કક્ષાની કલબ છે. આજે આ કલબ વિશ્વના ૨૫૨ જેટલા દેશોમાં કાર્યરત છે. આ કલબમાં ભૂતકાળમાં લોકો સભ્ય થવા પડાપડી કરતાં હતા. આજે આ કલબ એક વિરાટ વૃક્ષ બની ગઈ છે. કલબ સેવાને સમર્પિત છે. આ કલબના સભ્ય પદે મોટા ભાગે ડૉકટર, ઈજનેર, ઉધોગ પતિઓ જેવા સાધન સંપન્ન લોકો જ છે. કલબ થકી એક શહેરમાં વસતા વિવિધ ક્ષેત્રેના લોકો એકબીજાના સાથે સંપર્કમાં આવ્યા છે. જેથી આ કલબ તન, મન અને ધનથી સમાજને મદદરૂપ થાય તેવી સેવાકીય પ્રવૃત્તિ કરી શકે છે.

મંત્રી પરબતભાઈ પટેલે કલોલ લાયન્સ કલબના નવા વરાયેલા પ્રમુખ (લાયન) ગોંવિદભાઈ પટેલને અભિનંદન આપી જણાવ્યું હતું કે, તેઓ પોતાના નેતૃત્વમાં આરોગ્યલક્ષી સેવાને પ્રાધાન્ય આપ્યું છે, જે વાત પ્રસશંનીય છે. તેની સાથે મંત્રીએ ગરીબ પરિવારને રાજય સરકારની ફલેગશીપ યોજના એવી મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજનાનો લાભ મળી રહે તે દિશામાં સુચારું આયોજન કરવા પણ અપીલ કરી હતી. તેમજ રાજય સરકારે તાજેતરમાં અમલી બનાવેલ રાજયના કોઈ પણ વિસ્તારમાં અકસ્માત થાય તે નાગરિકનો જીવ બચાવવા માટે તાત્કાલિક સારંવાર મળી રહે તે માટે રાજય સરકાર અકસ્માત ગ્રસ્ત નાગરિકને ૫૦ હજાર રૂપિયાની સહાય કરશે. તેવી વિવિધ આરોગ્યલક્ષી સરકારની સેવાઓની જાગૃતિ આપવાના કાર્યને પણ અગ્રમિતા આપવા માટે અનુરોધ કર્યો હતો.

# વસુધા ક્રેડીટ સોસાયટીની આજે સાધારણ સભા

ગાંધીનગર, તા.૨૧

ધી વસુધા ક્રેડીટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૨મી જુલાઈના બપોરે એક વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ગાંધીનગર ખાતે મળશે. સાધારણ સભા પુરી થયા બાદ તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે તો સોસાયટીના સભાસદો તથા તેજસ્વી તારલાઓને હાજર રહેવા જણાવાયું છે.

## જાહેર નોટીસ

**અરજદારના એડવોકેટ : વીકી હીરાલાલ કોરી**

**મે. ગાંધીનગરના જ્યુડી. મેજી. (ફ.ક.) સાહેબશ્રીની કોર્ટમાં,**

**ક્રિ.પ.અ.નં. ૪૧૭/૨૦૧૮**

**અરજદાર :** ચતુરભાઈ જોઈતાભાઈ દંતાણી, ઉ.વ. પુખ્ત, ધર્મે-હિન્દુ, રહે. ૩૬, આદીવાડા, સેક્ટર-૨૮, ગાંધીનગર

વિરૂદ્ધ

**સામાવાળા :** સબરજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણીની કચેરી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર

**બાબત :** જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરી મરણનો દાખલો મેળવવા સારૂ આદેશ મેળવવા હુકમ કરવા બાબત.

આથી જાહેર જનતાને આ નોટીસથી જણાવવાનું કે, અરજદારશ્રી ચતુરભાઈ જોઈતાભાઈ દંતાણીએ તેમના પિતા નામે 'જોઈતા દલુભાઈ દંતાણી' કે જેઓનું અવસાન આદીવાડા, સેક્ટર-૨૮, ગાંધીનગર મુકામે ઘરે કુદરતી રીતે વૃદ્ધાવસ્થાને કારણે તા. ૨૨/૦૯/૧૯૯૯ના રોજ થયેલ. તે મુજબનો મરણનો દાખલો સબરજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણીની કચેરી, ગાંધીનગર મુકામેથી મેળવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજ કરેલ હોઈ સદર મરણનો દાખલો આપવા સામે વાંધો કે વિરોધ હોય તો તેવા ઈસમોએ પોતે જાતે અથવા તેઓના માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં તા. ૩/૮/૨૦૧૮ના રોજ મુદતના દિવસે પુરાવા સાથે હાજર રહેવું. જો કોઈપણ ઈસમના વાંધા કે વિરોધ રજુ નહી થાય તો સદર કામે આગળની યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે. જેની દરેક ઈસમે નોંધ લેવી.

આજરોજ તા. ૨૦મી જુલાઈ, ૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | તપાસી જોનાર | | હુકમથી |
| --- | --- | --- | --- |
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | (એ.એમ. ઘાંચી) |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ | | ચીફ જ્યુડી. મેજી. (ફ.ક. કોર્ટ) |